**Gujarat Niti,** 21 January 2009

# ભારતના મોટા ટ્રાવેલ સપ્લાયરો સાથે સહયોગ સાધવાનું એટમ ટેકનોલોજીસનું આયોજન

એટમ ટેકનોલોજીસ લગભગ ૨૫ ટ્રાવેલ સપ્લાયરોની એમ-પેમેન્ટ (મોબાઈલ પેમેન્ટ) સેવાઓ માટે તેમની સાથે સહયોગ સાધવાનું આયોજન કરી રહી છે. એરલાઈન્સ, ટુર ઓપર્ટર્સ, ઓનલાઈન ટ્રાવેલ એજન્ટસ અને હોટેલોના ગ્રાહકો મોબાઈલથી પેમેન્ટ કરી શકે તેવી વ્યવસ્થા કરી આપવા તેમની સાથે એટમ નિકટનો સહકાર સાધરવા પ્રયત્નશીલ છે.

ફ્લાયકેઝી, ઓક્સફોર્ડ ટ્રાવેલ્સ, ટિકીટવાલા વગેરે જેવી ટ્રાવેલ એજન્સીઓએ હાલમાં આ સેવાઓ લેવાનું શરૂ કર્યુ છે. કંપની મોટા ટ્રાવેલ સપ્લાયરો સાથે સહયોગ સાધવા ઉપરાંત વર્ષ ૨૦૦૯ ના મધ્યભાગ સુધીમાં શ્રીલંકાની માર્કેટમાં પ્રવેશ કરવા ધારે છે.

તેણે વર્ષ ૨૦૦૮ ના મધ્યભાગમાં મધ્ય પૂર્વના દેશોની માર્કેટમાં પ્રવેશ કર્યા બાદ ત્યાંતની કંપનીઓએ પોતાની મોબાઈલ પેમેન્ટ સેવાઓ માટે જબ્બર પ્રતિસાદ આપ્યો છે. હાલમાં કંપની એકલા દુબઈમાં દરરોજ લગભગ ૨,૨૦,૦૦૦ રૂપિયાનો બિઝનેસ કરે છે. આગામી મહિનાઓમાં તે વધુ દેશોમાં પ્રવેશ કરવાનું આયોજન ધરાવે છે.

એટમ ટેકનોલોજીસ ના ચીફ માર્કેટીંગ ઓફિસર શ્રી નિરંજન ગોસાવીએ જણાવ્યા મુજબ માર્ચ, ૨૦૧૦ સુધીમાં તમામ મોટા ટ્રાવેલ સર્વિસ પ્રોવાઈડરો સાથે સહયોગ કરવાનું અમારું આયોજન છે.